ગુજરાત સરકારના પરિપત્રનો ઉલ્લેખ કરી સેનેટરી ચેરમેને કરી લેખિત રજૂઆત

## ડભોઇ પાલિકામાં ટેબલ વર્ક કરતા સફાઈ કર્મચારીઓને મૂળ ફરજ પર મોકલવાની માંગ

**સફાઈ** કર્મચારીઓને સેનેટરી વિભાગમાં પરત મોકલવા રજૂઆત, પાલિકામાં ચર્ચાનો વિષય

(પ્રતિનિધિ) ડભોઇ, તા.29

ડભોઇ નગરપાલિકા ના ગત બોર્ડ માં સફાઈ કર્મચારીઓ ની ભરતી થયેલ ૨૭ જેટલા સફાઈ કામદારો માંથી ૧૫ જેટલા સફાઈ કર્મચારીઓ ઉચ્ચ જ્ઞાતિ અને જરૂરી શૈક્ષણિક લાયકાત કરતાં વધુ અભ્યાસ કરેલા છે અને એક કર્મચારી નોકરી છોડી જતાં રહ્યાં છે જેમને નગરપાલિકા દ્વારા ટેબલ વર્ક આપવામાં આવેલ જેને લઈ કાયમી કર્મચારીઓ માં અસંતોષ ની લાગણી જોવા મળતી હતી પરંતુ બોર્ડ બદલાતા સમીકરણ પણ બદલાયા છે.

તાજેતરમાં જ સેનેટરી ચેરમેન પ્રકાશ વસાવા એ સફાઈ કર્મચારી તરીકે ભરતી થયેલા આને ટેબલ વર્ક કરતાં તમામ કર્મચારીઓ ને સેનેટરી વિભાગ ને પરત આપવા લેખીત રજુઆત કરી છે જેમાં વધુ મા જણાવ્યા મુજબ ગુજરાત સરકાર શ્રી ના પરીપત્ર પ્રમાણે સફાઈ ની કામગીરી સિવાય કોઈ કામગીરી લેવા ની રહેતી નથી જેથી આવા કર્મચારીઓ ને તાત્કાલિક સેનેટરી માં પરત આપવા ની રજૂઆત બાદ ચિફ ઓફીસર શુ નિર્ણય લેશે એના પર સોની નજર છે આમ જોવા જઈએ તો સફાઈ કર્મચારીઓ ની નિયમ મુજબ પુરતા કર્મચારીઓ હોવા છતાંય રોજમદાર કર્મચારીઓ પાસે સફાઈ કરાવવા ના લીધે નગરપાલિકા ને આર્થિક બોજ પડતો હોવાની પણ વિગતો જાણવા મળી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જો આ રજૂઆતનો અમલ કરવામાં આવશે તો નગરપાલિકાના વિવિધ વિભાગોમાં કાર્યરત સ્ટાફની જવાબદારીઓમાં પણ ફેરફાર થઈ શકે છે. બીજી તરફ, સફાઈ વિભાગમાં નિયમ મુજબ પૂરતી સંખ્યામાં કાયમી સફાઈ કર્મચારીઓ ઉપલબ્ધ હોવા છતાં રોજમદાર કર્મચારીઓ પાસેથી સફાઈ કામગીરી કરાવવામાં આવતી હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. તેના કારણે નગરપાલિકા પર વધારાનો આર્થિક બોજ પડતો હોવાની ચર્ચા ચાલી રહી છે. હવે ચીફ ઓફિસર આ રજૂઆતને ધ્યાનમાં લઈને શું નિર્ણય લે છે તેના પર કર્મચારીઓ તેમજ નગરજનોની નજર મંડાયેલી છે.

વધારાની ફી, પેનલ્ટી અને પ્રાથમિક સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ

## છોટાઉદેપુરની ગાયત્રી નર્સિંગ કોલેજમાં વિવાદ, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાના આક્ષેપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.29

છોટાઉદેપુર ખાતે આવેલી માં ગાયત્રી કોલેજ ઓફ નર્સિંગમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો વિવાદ હવે વધુ ઉગ્ર બન્યો છે. કોલેજ તંત્ર દ્વારા કરવામાં આવતી હેરાનગતિ અને અન્યાય સામે હવે જાણીતા વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા વિદ્યાર્થીઓની વ્હારે આવ્યા છે. તેમણે કોલેજની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમની ગંભીર સમસ્યાઓ સાંભળ્યા બાદ આ મામલે વહીવટી તંત્ર સામે લડત આદરવાની જાહેરાત કરી છે.



વિદ્યાર્થીઓ સાથેની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા યુવરાજસિંહ જાડેજાએ કોલેજ પ્રશાસન સામે એક અત્યંત ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, માં ગાયત્રી નર્સિંગ કોલેજ પાસે બી.એસસી. નર્સિંગ (B.Sc. Nursing) નો કોર્સ ચલાવવા માટેની કોઈ સત્તાવાર મંજૂરી જ નથી. આમ છતાં, કોલેજ તંત્ર દ્વારા ગેરકાયદેસર રીતે વિદ્યાર્થીઓને એડમિશન આપીને ભણાવવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, પરીક્ષા આપવા માટે આ વિદ્યાર્થીઓને છેક કાયાવરોહણ ખાતે લઈ જવામાં આવે છે. આ બાબત સીધેસીધી વિદ્યાર્થીઓના ભાવી સાથેના ખુલ્લા ચેડા સમાન છે.

સ્થાનિક અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓની રજૂઆતો સાંભળ્યા બાદ સામે આવ્યું છે કે, કોલેજ મેનેજમેન્ટ દ્વારા ગરીબ આદિજાતિ વિદ્યાર્થીઓ પાસેથી નિયમ વિરુદ્ધ જઈને વધારાની ફી અને આકરી પેનલ્ટી વસૂલવામાં આવે છે. આટલી માતબર રકમ વસૂલવા છતાં કોલેજ કે હોસ્ટેલમાં લઘુત્તમ સુવિધાઓ પણ આપવામાં આવતી નથી. કોલેજમાં પૂરતું શિક્ષણ મળતું નથી, પ્રાથમિક સુવિધાઓના નામે મીંડું હોવાથી વિદ્યાર્થીઓ લાંબા સમયથી માનસિક અને આર્થિક શોષણનો ભોગ બની રહ્યા છે.

વિદ્યાર્થીઓની આ આક્રંદ ભરેલી વેદના સાંભળ્યા બાદ યુવરાજસિંહ જાડેજા વિદ્યાર્થીઓના પ્રતિનિધિ મંડળ સાથે તાત્કાલિક છોટાઉદેપુર કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. તેમણે કલેક્ટર સમક્ષ કોલેજના વહીવટદારો સામે કડક પગલાં ભરવા માટે લેખિત રજૂઆત કરી હતી. તેમણે ચીમકી આપતા જણાવ્યું છે કે, જો આગામી ૧૫ દિવસની અંદર આદિજાતિ વિદ્યાર્થીઓની આ તમામ સમસ્યાઓનો સંતોષકારક નિકાલ નહીં આવે, તો છોટાઉદેપુર ખાતે વ્યાપક સ્તરે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

સરપંચોનો આક્ષેપ - કાચા મકાનધારકો વંચિત, પાકા મકાનવાળાને મળ્યો લાભ

## સંખેડા આવાસ યોજનામાં ગેરરીતિના આક્ષેપ, આવાસ યોજનાની ફાળવણી સામે સવાલો

**સંખેડા** તાલુકામા આવાસ યોજનામાં ગેરરીતિનો આક્ષેપ, સરપંચોએ TDOને આવેદનપત્ર આપ્યું

(પ્રતિનિધિ) સંખેડા, તા.29

પાકા મકાનવાળાને આવાસનો લાભ મળતા અને ગરીબ લાભાર્થીઓ વંચિત રહેતા સરપંચો મેદાને પડ્યા. આજે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રિસર્વેની માંગ કરી.

ધોળી ડેપ્યુટી સરપંચ સચિન માછી ના અક્ષેપો છે કે કાચા અને નળિયા વાળા મકાનોનો સર્વે રદ થયો, પાકા મકાનવાળાને આવાસ




મંજૂર થયા. સ્થળ તપાસ કરી બાકી લાભાર્થીઓને લાભ આપો. રતનપુર સરપંચ મોતીભાઈ રોહિત દ્વારા જમાવ્યું કે 206 ની યાદી સામે માત્ર 59 આવાસ મંજૂર થયા. પાકા મકાનવાળાને લાભ મળ્યો, ગરીબ રહી ગયા. સર્વે કરનારને સસ્પેન્ડ કરી તલાટી-સરપંચની હાજરીમાં ફરી રિસર્વે કરો. હરેશ્વરના રોહિતભાઈ યે જમાવ્યું કે જેને ત્રણ વાર લાભ મળ્યો એને ફરી મળે છે, અનેક કુટુંબો વંચિત છે.ચીમકી ઉચ્ચારી કે રિસર્વે નહીં થાય તો તાલુકા પંચાયત સામે ભૂખ હડતાલ પર બેસીશું. પાકા મકાનના મંજૂર આવાસ રદ કરવાની માંગ. કોટાલીના સવિતાબેનેની વ્યથા. કહ્યું કે આખી જિંદગી ગઈ પણ આવાસનો લાભ મળ્યો નથી.

## ક્વાંટમાં કબીર સાહેબનો ૬૨૮મો પ્રાગટ્ય ઉત્સવ

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.29

ક્વાંટમાં આજરોજ સદગુરુ કબીર બીજકા આશ્રમ માં સદગુરુ કબીર સાહેબનો ૬૨૮ મો પ્રાગટ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રા તેમજ વિવિધ કાર્યક્રમો યોજાયા જેમાં હજારોની સંખ્યામાં ભક્તોએ લાહવો લીધો.

આજરોજ ક્વાંટ ખાતે આવેલ સદગુરુ કબીર બીજકા આશ્રમ ના મહંત શ્રી ભુપેન્દ્ર દાસ સાહેબ દ્વારા સદગુરુ કબીર સાહેબ સંવત ૧૪૫૫ ના જેઠ સુદ૧૫ ના રોજ વારાણસી કાશી ની અંદર કાશીનગરી નો મોટામાં મોટું કહેવાતું એવું લહર નામનો તળાવમાં જેઠ સુદ પૂર્ણિમાના દિવસે વહેલી સવારના પરોડે નીરુ અને નીમાના દંપત્તિ દરરોજ નિત્યક્રમ આ તળાવમાં સ્નાન કરવા જતા નીરુ અને નીમા જ્યારે તળાવ નજીક જાય છે. ત્યારે તેઓ



અદભુત દ્રશ્ય જોયુ અને તેજોમય પ્રકાશ અને કમળ ના પુષ્પ પર બાળકનું સ્વરૂપ જોઈને બંને દંપતી આશ્ચર્યચકિત થઈ ગયા અને તે સમયે અષ્ટાનંદ નામ મુની નિત્યક્રમ દરરોજ સ્નાન કરીને આ તળાવ કિનારે પદ્માસન વાળીને સમાધી માં બેસતા હતા તેઓ પણ આ બાળકને જોઈને આચાર્યચકિત થઈ ગયા અને ત્યારબાદ નીરુ અને નીમા બંને જન તળાવમાં નજીક જાય છે અને આ તેજોમય બાળકને કમળ પુષ્પ પરથી લઈને પોતાના ઘરે લઈ જાય છે. આ બાળક કઈ મામૂલી બાળક ન હતું પણ સ્વયમ પોતે હાજર અમર અવિનાશી સદગુરુ હતા.

## બોડેલી કોર્ટે ઘરફોડ ચોરીના ગુનામાં આરોપીને સજા ફટકારી

**સરકારી** વકીલ યોગેશ આર. દરજીની દલીલોને કોર્ટે માન્ય રાખી; ત્રણેય ગુનાની સજા એકીસાથે ભોગવવાનો હુકમ

(પ્રતિનિધિ) બોડેલી , તા.29

બોડેલી સ્થિત તપોવન સ્કૂલમાં વિદ્યાર્થીઓની ફી પેટે રાખવામાં આવેલી રૂ. 20 હજારની રોકડ રકમની ચોરીના કેસમાં બોડેલીની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં આરોપી મનિષભાઈ ઉર્ફે ગુડ્ડુ મોહનભાઈ ગુપ્તા (ઉ.વ. 31, રહે. વોર્ડ નં. 7, ગોલવારટોલા મહોલ્લા, મુહમ્મદાબાદ ગોહના, ઉત્તર પ્રદેશ)ને ભારતીય દંડ સંહિતાની કલમ 454, 457 અને 380 હેઠળ દોષિત ઠેરવી 10 માસની સાદી કેદની સજા તેમજ દરેક કલમ હેઠળ રૂ. 1,000 મુજબ કુલ રૂ. 3,000નો દંડ ફટકાર્યો છે. દંડની રકમ નહીં ભરે તો દરેક ગુના બદલ 10-10 દિવસની વધારાની સાદી કેદ ભોગવવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

કેસની હકીકત મુજબ તા. 13 જુલાઈ, 2023ના રોજ સાંજના સમયથી તા. 14 જુલાઈ, 2023ના રોજ સવારે વચ્ચે આરોપીએ તપોવન સ્કૂલની ઓફિસની બારીની રેલિંગ તોડી ગૃહભેદન કરીને અંદર પ્રવેશ કર્યો હતો અને વિદ્યાર્થીઓની ફી તરીકે રાખવામાં આવેલી રૂ. 20 હજારની રોકડ રકમની ચોરી કરી હતી. આ અંગે બોડેલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન એકત્ર કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

કોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદી, સાક્ષીઓ, સ્થળ પંચનામું, ફરિયાદ તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. એલસીબીના પોલીસ અધિકારીની જુબાની, આરોપીની ધરપકડ દરમિયાન થયેલી મુદ્દામાલની રિકવરી તથા અન્ય સંજોગી પુરાવાઓને કોર્ટે વિશ્વસનીય માન્યા હતા.

## માલસરમાં ૪૫૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ વિનામૂલ્યે વિતરણ

(પ્રતિનિધિ) શિનોર, તા.29

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માલસર ગામ સ્થિત પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજની તપોભૂમિ માંગલ્ય ધામ ખાતે શ્રી સચ્ચિદાનંદ સેવા ટ્રસ્ટ, આશ્રમ દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સામગ્રી વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્ય શ્રી સ્વામી મુક્તાનંદ ગીરીજી મહારાજના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી.

પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજની પવિત્ર તપોભૂમિ માંગલ્ય ધામ, માલસર ખાતે શ્રી સચ્ચિદાનંદ સેવા ટ્રસ્ટ, ગૌતમ આશ્રમ દ્વારા સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત ના માલસર પ્રાથમિક શાળાના



એક થી આઠ ધોરણના આશરે 450 વિદ્યાર્થીઓને નોટબુક, પેન, પેન્સિલ, રબર, સ્કૂલ બેગ સહિતની જરૂરી શૈક્ષણિક સામગ્રીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

પૂજ્ય શ્રી સ્વામી મુક્તાનંદ ગીરીજી મહારાજના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ટ્રસ્ટના સેવાકીય કાર્યોને બિરદાવવામાં આવ્યા હતા. શિક્ષણને પ્રોત્સાહન મળે અને આર્થિક રીતે નબળા પરિવારોના બાળકોને અભ્યાસમાં સહાય મળે તે હેતુથી ટ્રસ્ટ છેલ્લા અનેક વર્ષોથી સતત આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે.

'સશક્ત ઉદ્યમિની સંવાદ'માં સફળ મહિલા ઉદ્યોગકારોએ શેર કર્યા અનુભવો

## 'જોબ સીકર નહીં, જોબ ગીવર બનો': VGRCમાં મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રેરણાનો સંદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

GSFC યુનિવર્સિટી ખાતે યોજાઈ રહેલી બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) - મધ્ય ગુજરાતના પ્રથમ દિવસે મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે 'સશક્ત ઉદ્યમિની સંવાદ' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વિવિધ ક્ષેત્રની સફળ મહિલા ઉદ્યોગસાહસિકોએ પોતાના સંઘર્ષ, અનુભવ અને સફળતાની ગાથા રજૂ કરીને મહિલાઓને આત્મવિશ્વાસ સાથે ઉદ્યોગક્ષેત્રમાં આગળ વધવા પ્રેરિત કરી હતી.

સેમિનારના પ્રારંભે WECના વિમેન આંત્રપ્રિન્યોર સેલ અને સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (CGCCI) ના ચેરપર્સન શાલિની ભલ્લાએ જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત માત્ર રોકાણ આકર્ષવાનો કાર્યક્રમ નથી, પરંતુ રાજ્યના સર્વાંગી વિકાસમાં મહિલાઓને સમાન ભાગીદાર બનાવવાનો પણ મહત્વપૂર્ણ પ્રયાસ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે મહિલાઓ 'જોબ સીકર' નહીં પરંતુ 'જોબ ગીવર' બને તે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

સેમિનારમાં યોજાયેલી 'સ્ત્રી શક્તિ મંથન' અને 'નારી ઉડાન' પેનલ ચર્ચાઓમાં સરકારના અધિકારીઓ, ઉદ્યોગજગતના અગ્રણીઓ અને સફળ મહિલા ઉદ્યોગસાહસિકોએ મહિલાઓને ટેક્નોલોજી, ડિજિટલ માર્કેટિંગ, સ્ટાર્ટઅપ્સ, નેટવર્કિંગ અને સરકારી યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે ઉદ્યોગસાહસિકતા માટે કોઈ ઉંમર મર્યાદા નથી અને યોગ્ય આયોજન, સતત શીખવાની ભાવના તથા આત્મવિશ્વાસથી કોઈપણ મહિલા સફળ વ્યવસાય ઊભો કરી શકે છે. સેમિનારમાં નવી ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026ની વિશેષતાઓ પણ રજૂ કરવામાં આવી હતી. આ નીતિ હેઠળ આગામી પાંચ વર્ષમાં 10 લાખ કરોડના રોકાણ આકર્ષવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

## વડનગરના 'પ્રેરણા ઉત્સવ'માં બોડેલીનો વિદ્યાર્થી પસંદ

(પ્રતિનિધિ) બોડેલી, તા.29

શિક્ષણ જગત માટે અત્યંત આનંદના સમાચાર છે. જવાહર નવોદય વિદ્યાલય બાધરપુરના સહકારથી ખત્રી વિદ્યાલય ખાતે અભ્યાસ કરતો ધો. ૧૦નો તેજસ્વી વિદ્યાર્થી સયાન સમયુદ્દીન અન્સારીએ પોતાની પ્રતિભાના જોરે દેશના પસંદગીના વિદ્યાર્થીઓની યાદીમાં સ્થાન મેળવીને માન્ય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કર્મભૂમિ વડનગર જ્યાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી આજે દેશના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન હોય ત્યારે તેમની માતૃશાળાની પવિત્ર ભૂમિ વડનગર ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આયોજિત સાત દિવસીય રાષ્ટ્રીય કક્ષાના 'પ્રેરણા ઉત્સવ'માં સહભાગી થવાનું



ગૌરવ પ્રાપ્ત થયું હતું.

દેશના વિવિધ રાજ્યોમાંથી પસંદગી પામેલા ૨૦ વિધાર્થીઓમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓના સમૂહમાં ગુજરાતના ત્રણ જિલ્લા મેહસાણા, કચ્છ અને છોટાઉદેપુર માંથી છ વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. છોટાઉદેપુર જિલ્લામાંથી બે વિદ્યાર્થીમાં બોડેલીથી ખત્રી વિધાલય અને શિરોલાવાલા હાઈસ્કુલ માંથી એક વિદ્યાર્થીની નિમિતાબેન ઉપસ્થિતિ એ છોટાઉદેપુર જિલ્લા માટે એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ છે.

## પગ લપસતા તળાવમાં ડૂબી ૩૬ વર્ષીયનું કરુણ મોત

સાવલી : સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ આસોદ ગામમાં રહેતા 36 વર્ષીય ઈસમનું તળાવ ના કિનારે ચાલતા પગ લપસી જતા ડૂબી જતા કરુણ મૃત્યુ નીપજતા મંજુસર પોલીસ મથકે અકસ્માત મોત રજીસ્ટર કરી તપાસ હાથ ધરી છે. સાવલીના મંજુસર પોલીસ મથકે ફરિયાદી મધુબેન બેચરભાઈ રોહિત રહે આસોજ રોહિતવાસ તાજી વડોદરા ના હોય એ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું છે કે તેમનો પુત્ર ચંદ્રકાંત બેચરભાઈ રોહિત ઉંમર 36 રહે આસોજ તળાવના કિનારે જઈ રહ્યો હતો ત્યારે અચાનક તેનો પગ લપસી જતા ગામ તળાવમાં ડૂબી જવા પામ્યો હતો અને ડૂબવાથી તેનું મૃત્યુ નિપજયુ હતું મંજુસર પોલીસ મથકે ફરિયાદી ની ફરિયાદ ના આધારે જાણવાજોગ નોંધી તપાસ હાથ ધરી છે.

# વડોદરા-છોટાઉદેપુરમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયુ વડ સાવિત્રી વ્રત

### કરજણમાં વડ સાવિત્રી વ્રતની ભક્તિભાવપૂર્વક ઉજવણી, સ્ત્રીઓએ પતિના દીર્ઘાયુષ્ય માટે કરી વડ પૂજા



**કરજણ** : કરજણ નગરમાં આજે જેઠ સુદ પૂનમ નિમિત્તે વડ સાવિત્રી વ્રતની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી. નગરના વિવિધ વિસ્તારોમાં આવેલા વડના ઝાડ નીચે વહેલી સવારથી જ પરિણીત મહિલાઓની ભારે ભીડ જોવા મળી હતી. સોળ શણગાર સજીને આવેલી સ્ત્રીઓએ વડના ઝાડની વિધિવત પૂજા અર્ચના કરી પોતાના સૌભાગ્ય અને પતિદેવના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. મહિલાઓએ વડના થડને હળદર કંકુ કરી, લાપસી, કેરી, જાંબુ અને ભીના ચણાનો પ્રસાદ ધરાવ્યો હતો. ત્યારબાદ વડના ઝાડને સૂતરનો કાચો દોરો 108 વાર વીંટીને સાત વાર પ્રદક્ષિણા કરી હતી. પૂજા બાદ વડીલ મહિલાઓ દ્વારા સાવિત્રી સત્યવાનની પૌરાણિક કથાનું શ્રવણ કરવામાં આવ્યું હતું.

### પાદરા પંથકમાં મહિલાઓએ ભક્તિભાવપૂર્વક ઉજવ્યું વટ સાવિત્રી વ્રત



**પાદરા** : જેઠ સુદ પૂર્ણિમાના પાવન અવસરે પાદરા નગર સહિત સમગ્ર પંથકમાં અખંડ સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા વટ સાવિત્રી વ્રત હર્ષોલ્લાસ અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મહિલાઓએ વડના વૃક્ષની પૂજા-અર્ચના કરી પોતાના પતિના દીર્ઘાયુષ્ય, સુખ-સમૃદ્ધિ અને અખંડ સૌભાગ્ય માટે પ્રાર્થનાઓ કરી તેમજ ઉપવાસ રાખ્યો હતો. પાદરા નગરમાં પ્રવેશદ્વાર નજીક આવેલ ખત્રી મહારાજ મંદિર, લિબર્ટી ટોકીઝ પાસે, અંબાજી મંદિર, નવાપુરા વિસ્તાર, પાણીની ટાંકી સહિતના વિવિધ સ્થળોએ મોટી સંખ્યામાં મહિલાઓ પરંપરાગત વેશભૂષામાં એકત્રિત થઈ વટ સાવિત્રી વ્રતની વિધિવત ઉજવણીમાં જોડાઈ હતી.

### ડભોઇમાં મહીલાઓ ધ્વારા વટ સાવિત્રી વ્રત નિમિત્તે પતિના દીર્ઘ આયુષ્ય માટે પુજા અર્ચના



**ડભોઇ** : પતિ ના દીર્ઘ આયુષ્ય માટે મહીલાઓ એ આજરોજ ડભોઇ નગર મા વડ ના વૃક્ષ ની પુજા અર્ચના કરી હતી. વહેલી સવાર થીજ ઉપવાસ રાખી હાથ મા પુજા ની થાલી સાથે શિવ મંદિરો તરફ જતી મહીલાઓ નજરે પડતી હતી. ડભોઇ મા આવેલા વિવિધ મંદિરો મા વાઘનાથ મહાદેવ,કુબેરેશ્વર મહાદેવ, ગોવિંદેશ્વર મહાદેવ મંદિર સહીત પોલીસ સ્ટેશન ના પ્રાંગણ મા આવેલ વડ ના વૃક્ષ પાસે મોટી સંખ્યા મા મહીલાઓ ભેગી થઈ પોતાના પતિના દીર્ઘ આયુષ્ય માટે ભગવન સમક્ષ પુજાઅર્ચના કરી પ્રાથના કરી વટ સાવિત્રી વ્રત ની શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરી હતી. જે રીતે સતી સાવિત્રી ધ્વારા પતિ સત્યવાન ના પ્રાણ યમરાજ પાસે થી પાછા લઈ આવેલ ની કથાનુ નિરુપણ પુરાણો મા કરેલ છે.

### હાલોલમાં સૌભાગ્યવતી બહેનોએ વટસાવિત્રી વ્રતની ઉજવણી કરી



**હાલોલ** : વટસાવિત્રી વ્રત જેઠ માસના શુક્લ પક્ષની પૂર્ણિમાના દિવસે રાખવામાં આવે છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને દક્ષિણ ભારતના રાજ્યોમાં રાખવામાં આવે છે. હિંદુ પંચાંગ પ્રમાણે વટ સાવિત્રી વ્રત વર્ષમાં બે વાર ઉજવવામાં આવે છે. પ્રથમ જેઠ અમાવસ્યા પર અને બીજું જેઠ પૂર્ણિમાના દિવસે. આ બંનેમાં વડવૃક્ષની પૂજા કરવામાં આવે છે. સનાતન ધર્મ સંસ્કૃતિમાં જેઠ મહિનાનું ધાર્મિક દ્રષ્ટિ વિશેષ મહત્વ રહેલું છે. તેમાં પણ જેઠ માસની પૂનમ એ વટસાવિત્રી તરીકે ઉજવવાનો અનોખો મહિમા રહેલો છે. આ દિવસે સૌભાગ્યવતી મહિલાઓ પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે વટસાવિત્રીનું ઉપવાસ કરે છે. જેને લઇ હાલોલ નગરમાં પણ આજે સોમવારના રોજ સૌભાગ્યવતી બહેનોએ સોળે શણગાર સજીને શિવ મંદિરોમાં તેમજ વડલાના ઝાડે જઈ શાસ્ત્રોઉચ્ચાર વિધિ સાથે વ્રતની પૂજા કરી હતી.